# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref no. PN 2025-26/393 Dt. 09/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળની સુમુલ ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની ઇન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા સહિત ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૮ એપ્રિલ, ૨૦૨૬ના રોજ ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટિવ મિલ્ક પ્રોડયુસર્સ યુનિયન લિમિટેડ (સુમુલ)ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ ડેરી ઉદ્યોગની આધુનિક કામગીરી, પ્રોડકશન પ્રક્રિયા તથા મેનેજમેન્ટ સિસ્ટમ અંગે જાણકારી મેળવવાનો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વિઝિટ દરમિયાન ચેમ્બરના પ્રતિનિધિ મંડળને સુમુલના અધિકારીઓ દ્વારા સંસ્થાની સ્થાપના, વિકાસ યાત્રા અને હાલની કાર્યપદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત દૂધના સંગ્રહથી લઈ પ્રોસેસિંગ પેકેજિંગ અને વિતરણ સુધીની સંપૂર્ણ પ્રક્રિયા અંગે જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિઓએ સુમુલના આધુનિક પ્લાન્ટ અને ટેકનોલોજીનું નિરીક્ષણ કર્યું હતું અને ગુણવત્તા નિયંત્રણ, હાઇજીન સ્ટાન્ડર્ડ્સ તથા સપ્લાય ચેઇન મેનેજમેન્ટ અંગે ઊંડી સમજ મેળવી હતી. આ સાથે ડેરી ક્ષેત્રમાં નવીનતા અને કાર્યક્ષમતા વધારવા માટે અપનાવવામાં આવતા પગલાંઓ અંગે પણ માહિતી મેળવી હતી. આ ઇન્ડસ્ટ્રીયલ મુલાકાત ઉદ્યોગ અને સહકારી ક્ષેત્ર વચ્ચે સકારાત્મક સંવાદ વધારવામાં અને જ્ઞાનના આદાન–પ્રદાનમાં મહત્વપૂર્ણ સાબિત થઇ હતી.